રજુ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
દાખલ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ : ૨૫/૦૩/૨૦૨૬
અવધિ : <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>
૦૦ ૦૦ ૧૬

**આંક–** ૯

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૫૨/૨૦૨૬**

---

**અરજદાર – વિશ્વદીપસિંહ ઉર્ફે ભોલુ સ/ઓ ટેમુભા ગોહિલ,**
ઉ.વ.૨૩, ધંધો–ખેતી તથા સર્વિસ સ્ટેશનનો,
રહે. અકવાડા, ગામ ચામુંડાનગર તથા
એકસીસ બેંકની સામે, ઘોઘારોડ, ભાવનગર.
હાલ : જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી બી.એમ.ગૌસ્વામી.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.
મુળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી બી.જી.વાળા.

---

**<u>:: જજમેન્ટ ::</u>**

(૧) આ કામના અરજદાર/આરોપી તર્ફે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૫૨૭૪૮/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૯(૪), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળાઓને નોટીસ કરતા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. તેમજ મૂળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી બી.જી.વાળા દ્વારા

આંક–૦૭ થી વાંધા તથા આંક–૦૮ થી દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ અગાઉ પ.ફો.અ.નં.૯૩/૨૦૨૬ થી જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરેલ હતી જે અત્રેની નામ. કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ હતી અને હાલ ચાર્જશીટ થઇ ગયેલ હોય, ચાર્જશીટ બાદ જામીન ઉપર મુકત કરવા માટે હાલની આ અરજી કરેલ છે. અરજદાર/આરોપી તદન નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. આ કામના અરજદાર/આરોપીએ અગાઉ ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં આ કામના ફરિયાદીના સગા સામે ફરિયાદ કરેલ હોય તે જુની અદાવતની દાઝ રાખી હાલની ખોટી ફરિયાદ કરેલ છે. ફરિયાદ તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે અને ખોટી રીતે અરજદાર/આરોપીને તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ સદર ગુન્હાના કામે અટક કરવામાં આવેલ છે. તેમજ અરજદાર/આરોપીને પોલીસે ખુબ જ માર મારેલ છે અને પોલીસ વિરુધ્ધ ફરિયાદ કરેલ છે. ખરી હકીકતે સ્પ્લેન્ડર મોટરસાયકલ રૂા.૧,૦૦,૦૦૦/– ની આવે છે અને આવી મોંઘી ગાડી લઇ રૂા.૩,૯૦૦/– લુંટ કરે તે વાત માની શકાય તેમ નથી. જાણી જોઇને ભારે કલમ લગાડવા માટે નાની રકમની લુંટની હકીકત ફરિયાદમાં લખાવેલ છે. ફરિયાદી/ઈજા પામનાર હાલ ભયમુકત છે અને કોઇ વાઇટલ પાર્ટ ઉપર ઈજા થયેલ નથી. અરજદાર/આરોપીએ કોઇ હથિયાર વડે ગુન્હાહિત ઈરાદા સાથે કોઇ ઈજા પહોંચાડેલ નથી કે કોઇ લુંટ કરેલ નથી. સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઇ જતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. સાક્ષી પુરાવા સાથે ચેડા થવાનો કોઇ પ્રશ્ન નથી. અરજદાર/આરોપી સામે અગાઉ બે ગુન્હા નોંધાયેલ છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવાથી ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય તેમ નથી. અરજદાર/આરોપી સામે કોઇ પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી નાની ઉંમરના છે અને કુટુંબ કબીલાવાળા માણસ છે. અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી અને સહેલાઇથી મળી આવે તેમ છે. તેમજ નામ. કોર્ટ

ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની બાંહેધરી આપે છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૦૯(૪), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પુરતો પુરાવો જણાઇ આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. અગાઉ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે અને ચાર્જશીટ થઇ જવાથી કોઇ સંજોગો બદલાઇ જતા નથી. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરિયાદી તથા સાહેદોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા થવાની શકયતા છે. તેમજ ટ્રાયલ સમયે અરજદાર/આરોપીની હાજરી શકય જણાતી નથી. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક-૩ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. મૂળ ફરિયાદી તરફે આંક-૦૭ થી રજુ કરવામાં આવેલ વાંધા તથા આંક-૦૮ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. આંક-૦૫ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી સામે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૫૨૭૪૮/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૦૯(૪), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, એકાદ મહિના પહેલા ફરિયાદીના કાકા રાણાભાઇ દયાળભાઇ સાથે આ કામના અરજદાર/ આરોપીએ ઝઘડો કરેલ હોય, જે બાબતે ફરિયાદીના કાકાએ ફરિયાદ કરેલ હતી જેની દાઝ રાખી ગઇ તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ સવારના સવા દસેક વાગ્યાના અરસામાં આ કામના ફરિયાદી તેમના ઘર પાસે આવેલ દુકાને સમોસુ ખાતા હતા ત્યારે આ કામના અરજદાર/આરોપીએ પોતાનું સ્પ્લેન્ડર મોટરસાયકલ લઇને આવીને ''મારી સામે કેમ જુએ છે'' તેમ કહીને ફરિયાદીને

છાતીમાં બે ઢીકા મારતા ફરિયાદી પડી જતા તેમના શર્ટના ખીસ્સામાંથી રૂા.૩૯૦૦/– કાઢી લેતાં, ફરિયાદીએ તેમના પૈસા પાછા માંગતા અરજદાર/આરોપીએ તેની કમરમાંથી પટ્ટો કાઢીને પટ્ટા વડે ફરિયાદીને માર મારી અને જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયેલ હોવાના આક્ષેપો છે. સદર ગુન્હાની તપાસના કામે પુરતો પુરાવો જણાઇ આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ છે. વધુમાં, હાલની જામીન અરજીના કામે અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે અરજદાર/આરોપીએ કોઇ ગુન્હો કરેલ નહીં હોવાની અને ખોટી રીતે સદર ગુન્હાના કામે સંડોવી દીધેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે પરંતુ, તે પુરાવાનો વિષય હોય, હાલની જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઇ ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. વધુમાં, અરજદાર/આરોપી ગુન્હાહિત ભુતકાળ ધરાવે છે. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરિયાદી તથા સાહેદોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા હોવાની વિ.એ.પી.પી.શ્રીની દલીલ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ અરજદાર/આરોપી નાસી ભાગી જાય તો તેઓની સામેના ગુન્હાની તપાસ તથા ટ્રાયલ વિલંબિત થાય તેમ છે. આ ઉપરાંત, અરજદાર/આરોપી ધ્વારા અગાઉ એફ.આઇ.આર. આધારીત જામીન ઉપર મુકત કરવા માટે પ.ફો.અ.નં.૯૩/૨૦૨૬ દાખલ કરવામાં આવેલ હતી તે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે અને હાલ ચાર્જશીટ થયા બાદ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા માટે કોઇ બદલાયેલ સંજોગો રેકર્ડ ઉપર લાવવામાં અરજદારપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તે તમામ સંજોગોમાં, આ કામના અરજદાર/આરોપીનો સદર ગુન્હાના કામે રોલ, ગુન્હાની હકીકત તથા ગુન્હાનું સ્વરુપ અને ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઇ તથા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, આરોપીને જામીન ઉપર મુકત કરવા સંદર્ભે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ હાલના તબકકે આ કામના અરજદાર/આરોપીની તરફેણમાં કરવા માટેનો આ

યોગ્ય કેસ હોવાનું જણાઇ આવતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૨૫'મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૨૫/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693